# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1. **સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકારની તમામ પક્ષો સાથે સર્વપક્ષિય બેઠક.**
2. **વિપક્ષોના ગઠબંધન ઇન્ડીમાંથી આમ આદમી પાર્ટીએ અલગ થવાની જાહેરાત કરી**
3. **ભારતના ટોચના પૂર્વ ક્રિકેટરોએ રમવાનો ઇન્કાર કરતાં એજબેસ્ટન ખાતે આજે રમાનારી વર્લ્ડ ચેમ્પિયન્સ ઓફ લિજેન્ડની પાકિસ્તાન સામેની મેચ રદ.**
4. **યુકેને રશિયા સમક્ષ યુધ્ધ વિરામનો પ્રસ્તાવ મુક્યો - રશિયાનો પણ સકારાત્મક પ્રતિભાવ.**
5. **મેલેરિયાને રોકવા ભારત એડફાલ્સિવેક્સ નામની સ્વદેશી રસી વિકસાવી રહ્યું છે.**

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# MONSOON-SESSION

સંસદના ચોમાસુ સત્ર પહેલા સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક સંસદ ભવન પરિસર ખાતે ચાલી રહી છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી અને રાજ્યસભામાં ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડા , સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગન આ બેઠકમાં હાજર છે. આ ઉપરાંત , કોંગ્રેસ તરફથી ગૌરવ ગોગોઈ અને પ્રમોદ તિવારી, એનસીપી-એસસીપી તરફથી સુપ્રિયા સુલે, ડીએમકેના તિરુચી શિવા, સમાજવાદી પાર્ટીના રામ ગોપાલ યાદવ અને ડીએમકેના ટીઆર બાલુ આ બેઠકમાં હાજર છે.

આ બેઠક દરમિયાન , સરકાર સંસદના બંને ગૃહોની કામગીરી સુચારુ રીતે થાય તે માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે. સંસદનું ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે જે 21 ઓગસ્ટ સુધી ચાલશે. આ સત્ર દરમિયાન , બંને ગૃહોની કુલ 21 બેઠકો યોજાશે.

સત્ર દરમિયાન, જન વિશ્વાસ (સુધારા) વિધેયક 2025 , રાષ્ટ્રીય રમતગમત શાસન વિધેયક 2025 અને મર્ચન્ટ શિપિંગ બિ, 2024 સહિતના મહત્વપૂર્ણ વિધેયકો રજૂ કરાય તેવી શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . .

# AAP - INDIA - BLOC

આમ આદમી પાર્ટી ઔપચારિક રીતે ઈન્ડિયન નેશનલ ડેવલોપમેન્ટ ઈન્ક્લુઝીવ- એટલે કે INDI ગઠબંધન માંથી અલગ થઈ છે. પાર્ટી ના વરિષ્ઠ નેતા સંજય સિંહે મીડિયાને જણાવ્યું કે I.N.D.I. ગઠબંધન ફક્ત 2024 ની સામાન્ય ચૂંટણીઓ માટે બનાવવામાં આવ્યું હતું અને તે પછી આમ આદમી પાર્ટી એ હરિયાણા અને દિલ્હી વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડી હતી.

## [BYTE - સંજય સિંહ]

દરમિયાન, આમ આદમી પાર્ટીએ સંસદના ચોમાસુ સત્ર પહેલા ગઈકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી ગઠબંધનની બેઠકમાં પણ ભાગ લીધો ન હતો.

. . . . . . . . . . . . . . . . . .

# PM KUTCH

ટીવીએસ મોટર કંપનીના વેણુ શ્રીનિવાસન અને સુદર્શન વેણુએ ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમણે પ્રધાનમંત્રીને કચ્છના પ્રવાસ અંગેની એક કોફી બુક ભેટમાં આપી હતી.

શ્રી મોદીએ કચ્છની સુંદરતા દર્શાવવા અને મોટરસાયકલ સવારોને આ સ્થળની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ટીવીએસ મોટર કંપની દ્વારા એક્સ પર પોસ્ટનો જવાબ આપતા શ્રી મોદીએ કહ્યું "શ્રી વેણુ શ્રીનિવાસન અને શ્રી સુદર્શન વેણુને મળીને આનંદ થયો. કચ્છની સુંદરતા દર્શાવવા અને મોટરસાયકલ સવારોને આ સ્થળની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવાના તેમના પ્રયાસોની હું પ્રશંસા કરું છું."

. . . . . . . . . . . . . . . . .

# INDIA PAK MATCH CANCELLED

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ( WCL) 2025માં ભારત ચેમ્પિયન અને પાકિસ્તાન ચેમ્પિયન વચ્ચેની ક્રિકેટ મેચ રદ કરવામાં આવી છે. સરહદ પારના આતંકવાદને કારણે પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે આયોજકોને ટિકાઓનો સામનો કરવો પડતા મેચ રદ કરવામાં આવી હતી.

એક જાહેર નિવેદનમાં , ડબ્લ્યુસીએલ લીગે ચાહકોની લાગણીઓને ઠેસ પહોંચાડવા અને ભારતીય ક્રિકેટ દિગ્ગજોને થયેલી મુશ્કેલી બદલ માફી માંગી હતી. સુરેશ રૈના, શિખર ધવન અને અન્ય અનુભવી ખેલાડીઓએ પણ પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કરી દીધો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અગાઉ આજે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે યોજાવાની હતી. મેચ રદ થયા પછી , એજબેસ્ટન સ્ટેડિયમએ જાહેરાત કરી હતી કે તમામ ટિકિટ ધારકોને સંપૂર્ણ રિફંડ મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# UKRAIN - RUSSIA

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું છે કે યુક્રેને આવતા અઠવાડિયે રશિયા સાથે શાંતિ મંત્રણાનો નવો રાઉન્ડ યોજવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રાષ્ટ્રને કરેલા સંબોધનમાં શ્રી ઝેલેન્સ્કીએ કહ્યું કે, યુદ્ધવિરામ હાંસલ કરવા માટે બધું જ કરવું જોઈએ.

રશિયાના નાયબ વિદેશ મંત્રી સર્ગેઈ રયાબકોવે ભારપૂર્વક જણાવ્યું કે મોસ્કો યુક્રેન સંઘર્ષના રાજદ્વારી સમાધાનની તરફેણ કરે છે અને વાટાઘાટો માટે તૈયાર છે.

અગાઉ મંગળવારે , રશિયાએ યુ. એસ. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના યુક્રેન યુદ્ધવિરામ માટે સંમત થવાના 50 દિવસના અલ્ટીમેટમને નકારી કાઢ્યું હતું અને ગંભીર ટેરિફની ધમકીને અસ્વીકાર્ય ગણાવી હતી.

. . . . . . . . . . . . . . . . .

# MALARIA VACCINE

ભારત મેલેરિયાને રોકવા એડફાલ્સિવેક્સ નામની સ્વદેશી રસી વિકસાવી રહ્યું છે. આ રસી મચ્છરના ચેપ સામે રક્ષણ પૂરું પાડવા અને તેને અન્ય લોકોમાં ફેલાતા અટકાવવામાં અસરકારક રહેશે.

તે ખાસ કરીને મેલેરિયા માટે જવાબદાર બે સૌથી ઘાતક પરોપજીવીઓ - પ્લાઝમોડિયમ અને ફાલ્સીપેરમની સારવાર માટે વિકસાવવામાં આવી છે. આ રસી ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇમ્યુનોલોજીના સહયોગથી વિકસાવવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.......

# INTERNATIONAL CHESS DAY

વિશ્વભરમાં આજે આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષની વિષય વસ્તુ છે- એવરી મૂવ કાઉન્ટ્સ.આજના દિવસે વર્ષ 1924માં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન - FIDEની સ્થાપના કરવામાં આવી હતી.

આ વર્ષે, FIDE એ "સામાજિક ચેસનું વર્ષ" નામની પહેલ શરૂ કરી છે , જે રમતનો ઉપયોગ સમાવેશ, શિક્ષણ, સશક્તિકરણ અને માનસિક સુખાકારી માટે એક સાધન તરીકે કરવા માટે સમર્પિત છે.

. . . . . . . . . . . . . . . . . . .

# SAUDI SLEEPING PRINCE DEAD

સાઉદી અરેબિયાના પ્રિન્સ અલ વલીદ બિન ખાલેદ બિન તલાલ અલ સઉદનું  36 વર્ષની વયે અવસાન થયું છે. વર્ષ ૨૦૦૫માં લંડનમાં ૧૫ વર્ષની ઉંમરે કાર અકસ્માત બાદ અલ વલીદ બિન ખાલેદને મગજનો રક્તસ્ત્રાવ થતાં તેઓ લગભગ વીસ વર્ષ સુધી કોમામાં રહ્યા હતા.

તેઓ સાઉદી નરેશ ખાલેદ બિન તલાલના મોટા પુત્ર હતા. તેઓ સ્લીપિંગ પ્રિન્સ તરીકે જાણીતા હતા.આજે રિયાધમાં ઇમામ તુર્કી બિન અબ્દુલ્લાહ મસ્જિદમાં અસરની નમાઝ પછી તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# MOON DAY

માનવે **20** જુલાઈ **1969**ના રોજ ચંદ્ર પર પ્રથમ પગ મૂક્યો હતો આ ઐતિહાસિક એપોલો **11** મિશનની યાદમાં આજે આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગો પરની સમિતિની ભલામણને પગલે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ **2021** માં આ પાલનને સત્તાવાર રીતે આ દિવસની ઉજવણીની માન્યતા આપી હતી. આજનો દિવસ ચંદ્ર સંશોધનમાં વૈશ્વિક સિદ્ધિઓની ઉજવણી કરે છે અને આંતરરાષ્ટ્રીય સહકાર , ટકાઉ અવકાશ પ્રથાઓ અને ચંદ્ર સંસાધનોના શાંતિપૂર્ણ ઉપયોગને પ્રોત્સાહિત કરે છે.

વિશ્વભરમાં, આજનો દિવસ જાહેર કાર્યક્રમો , આકાશ દર્શન, શૈક્ષણિક પહોંચ અને વિજ્ઞાન સ્પર્ધાઓ દ્વારા ઉજવવામાં આવી રહ્યો છે , જેનો હેતુ ખાસ કરીને અવકાશ વિજ્ઞાનમાં યુવાનોની રુચિને પ્રેરિત કરવાનો છે. **2025**ની થીમ 'વન મૂન, વન વિઝન, વન ફ્યુચર' ચંદ્રના સતત સંશોધનમાં વૈશ્વિક એકતા અને સહિયારી મહત્વાકાંક્ષાની ભાવનાને રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . . .

# VIETNAM BOAT CAPSIZE

વિયેતનામના પ્રવાસન સ્થળ હાલોંગ ખાડીમાં ખરાબ હવામાનને કારણે પ્રવાસીઓને લઈ જતી હોડી પલટી જતાં 38ના મોત થયા છે. આ ઘટનામાં હજુ પણ કેટલાક લોકો ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે.

સરકારી મીડિયા અનુસાર , ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. બચાવકર્તાઓએ 11 લોકોને બચાવ્યા છે. હોડીમાં 53 લોકો સવાર હતા , જેમાં 48 પ્રવાસીઓ અને પાંચ ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે. વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હે મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે કેરળ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , આગામી 6 દિવસ સુધી કેરળ , કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદ ચાલુ રહેશે. આગામી 3 દિવસ દરમિયાન ઓડિશા, છત્તીસગઢ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ , આસામ, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં ભારે વરસાદની સંભાવના છે.

આ મહિનાની 24 તારીખ સુધી જમ્મુ અને કાશ્મીર , હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અને દેશના પશ્ચિમ ભાગમાં, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ આગામી 5 દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની સંભાવના છે. આજે બિહારમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે. આજે દિલ્હી- NCRમાં આંશિક વાદળછાયું આકાશ અને હળવો વરસાદ થવાની સંભાવના છે.

. . . . . . . . . .

# BALOCHISTAN PROTEST

પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં બલૂચ યકજેહતી સમિતિ દ્વારા સરકાર વિરોધી ધરણાનો આજે પાંચમો દિવસ છે. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ બલૂચિસ્તાનમાંથી બળજબરીથી ગુમ કરાયેલા લોકોના પરિવારો અને સમિતિના અટકાયત કરાયેલા નેતા કરી રહ્યા છે. ગઈકાલે પ્રદર્શનકારીઓએ પાકિસ્તાની અધિકારીઓ પર ઇસ્લામાબાદ પ્રેસ ક્લબ તરફ જતા રસ્તાઓ બંધ કરવાનો અને તેમના પરિવારોને વિરોધ સ્થળ પર પહોંચતા અટકાવવાનો આરોપ લગાવ્યો. પ્રદર્શનકારીઓમાં મહિલાઓ, વૃદ્ધો અને બાળકોનો સમાવેશ થતો હતો.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , બલૂચ યકજેહતી સમિતિએ કહ્યું કે વિરોધ પ્રદર્શનો પર ચાલી રહેલ પ્રતિબંધ અને તેના નેતાઓની ગેરકાયદેસર અટકાયત બલૂચ અવાજોને દબાવવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ છે.

. . . . . . . . . . .